**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૭.૦ ડીગ્રી
લઘુતમ : ૧૧.૨ ડીગ્રી
ભેજ
સવારે ૭૩ ટકા ● સાંજે ૫૩ ટકા

# શહેરમાં ભારે ઉત્સાહપૂર્વક મતદાન


જનક ઠક્કર




અવની મોદી


નિશિત વ્યાસ





ગાંધીનગરમાં લોકશાહીનું મહાપર્વ ચૂંટણી રંગે ચંગે ઉજવાયું. આ પર્વની નગરજનોએ આતુરતાપૂર્વક રાહ જોઈ હતી. એટલું જ નહીં આ પર્વની ઉજવણીમાં જોડાવા એકબીજાને પ્રોત્સાહિત પણ કર્યા હતા. જેમ વિધાતાના લેખ કોઈ વાંચી નથી શકતું તેમ લોકશાહીના દેવતા 'મતદાતા'ના મનની વાત કોઈ કળી નથી શકતું. ભલભલા ખેરખાંઓને આ દેવતા સમક્ષ નતમસ્તકે થવું પડે છે તે જ આ લોકશાહીની તાકાત અને પવિત્રતા છે. ગાંધીનગરના લોકશાહીના દેવતા એટલે કે મતદારોએ આજે ઉત્સાહથી મતદાનના આશીર્વાદ વરસાવ્યા છે. આજના મતદાનમાં સામાન્ય નાગરિકોથી માંડીને વીઆઈપી નાગરિકો, મહિલાઓ, યુવાનો, વડિલોથી માંડીને સૌ કોઈ પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા મતદાન મથકે પહોંચી ગયા હતા. શહેરના નાગરિકોએ માત્ર મતદાન કર્યું એટલું જ નહીં પરંતુ મતદાન કર્યા પછી તેમની 'સેલ્ફી' સોશિયલ મિડિયા પર અપલોડ કરી પોતાના સ્નેહીજનોને પુછ્યું હતું કે 'મેં તો મતદાન કર્યું, શું તમે કર્યું??'

## મતદાન મથકો પર ફુડ પેકેટ સમયસર ન મળતા કાર્યકરોમાં રોષ

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેરી વિસ્તારમાં આવેલા તમામ મતદાન કેન્દ્રો અને બહાર બુથ પર કાર્યકર્તાઓ રાજકીય પક્ષો દ્વારા મુકવામાં આવ્યા હતા. જયારે બંને રાજકીય પક્ષોએ કાર્યકર્તાઓ માટે ફુડ પેકેટની વ્યવસ્થા ગોઠવી હતી. કેટલાક કેન્દ્રો પર સમયસર અને જરુરીયાત પુરતા ફુડ પેકેટ મળી ગયા હતા. જયારે કેટલાક કેન્દ્રો પર જરુરીયાત કરતા ઓછા ને મોડા ફુડ પેકેટ મળતા કાર્યકરોમાં રોષ જોવા મળ્યો હતો. જયારે બાકી રહી ગયેલા કાર્યકરો માટે અન્ય હોટલથી તાત્કાલીક ફુડ પેકેટ મંગાવવાની ફરજ પડી હતી. જયારે શહેરના એક બુથ પર કાર્યકરો માટે ફુડ પેકેટ ઘરે મુકવામાં આવ્યા હતા. જયારે જમવાના સમયે ફુડ પેકેટ મંગાવતા માત્ર ગણતરીના ફુડ પેકેટ જ નીકળ્યા હતા જેથી કાર્યકરોમાં રોષ ભભુકયો હતો. ત્યારબાદ તાત્કાલિક ફુડ પેકેટ મંગાવવામાં આવ્યા હતા અને બાકી રહી ગયેલા કાર્યકરોને આપવામાં આવ્યા હતા.

## વાવોલના સોસાયટી વિસ્તારમાંથી ઉત્સાહજનક મતદાન





ગાંધીનગર, તા.૧૪

વાવોલના નવ વિકસિત સોસાયટી વિસ્તારમાં વહેલી સવારથી જ મતદાન માટે ઉત્સાહ જોવા મળ્યો હતો. વાવોલમાં જયાં સોસાયટી વિસ્તારના રહીશોના નામ સૌથી વધુ સામેલ છે તેવા મતદાન મથકો પર મતદાતાઓની લાંબી કતારો જોવામાં આવતી હતી. મોટા ભાગની સોસાયટીમાંથી ૯૦ થી વધુ ટકા મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે મતદાનના થોડા દિવસ અગાઉ સોસાયટી વિસ્તારની વાવોલ વિસ્તાર વિકાસ સમિતિ દ્વારા હેપ્પી યુથ કલબના સહયોગથી મતદાતા જાગૃતિ અભિયાન ચલાવાયું હતું તથા સોશ્યલ મિડિયા પર પણ સતત મતદાન માટે નાગરિકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

## મતદારયાદીમાં છબરડા વિના એક પરિવારના દરેક સભ્યોએ અલગ અલગ મતદાન મથકે મતદાન કર્યું...!!!

ગાંધીનગર, તા.૧૪

વિધાનસભાની ચૂંટણીઓમાં છેલ્લી ઘડી સુધી અનેક મતદારોને કયાં મતદાન કરવાનું છે તે અંગે અવઢવ હતી. એક જ પરિવારના કેટલાક મતદારો એક મતદાન મથકે તો બાકીનાને બીજા મતદાન મથકે મતદાન કરવાનું હોય તેવી પરિસ્થિતિ તો દર ચુંટણીમાં જોવા મળે જ છે. જો કે ગાંધીનગરના સેકટર-૭માં એવું પરિવાર છે જેના ચાર સભ્યોએ મતદાર યાદીના છબરડા વગર પણ અલગ અલગ મતદાન મથકે મતદાન કર્યું હતું.

આ પરિવારમાં પતિ-પત્નિ અને એક દિકરી એક દિકરાનો સમાવેશ થાય છે. જેમાંથી પત્નિ સરકારી કર્મચારી હોવાથી તેમને પેથાપુર ખાતે ચુંટણી ફરજમાં મુકવામાં આવ્યા હતા. ચૂંટણી કર્મચારી હોવાને કારણે પત્નિએ પોસ્ટલ બેલેટથી મતદાન કર્યું હતું. જયારે આ પરિવાર પહેલા સેકટર-૨૪માં રહેતું હતું તેથી પતિનું નામ ત્યાંની મતદાર યાદીમાં છે તેથી તેમણે સે-૨૪માં મતદાન કર્યું હતું. આ પરિવાર હવે સે-૭માં રહે છે ત્યાં દિકરીનું નામ મતદાર યાદીમાં હોવાથી દિકરીએ સે-૭માં મતદાન કર્યું હતું જયારે પુત્રએ રાંદેસણમાં ફલેટ ખરીદ્યો છે પરંતુ હજુ અહીં સે-૭માં પરિવાર સાથે રહે છે. તેમનું નામ રાંદેસણની મતદારયાદીમાં હોવાથી તેમણે રાંદેસણમાં મતદાન કર્યું હતું. આમ એક જ પરિવારના ચાર સભ્યોએ મતદારયાદીમાં છબરડા વિના પણ અલગ અલગ મતદાનમથકે મતદાન કર્યું હતું.

## શહેરના મતકેન્દ્રો પર વ્હીલચેર ઉપયોગી બની

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર ઉત્તર વિધાનસભામાં સમાવેશ મતકેન્દ્રો પર વહીવટી તંત્ર દ્વારા બિમાર, અશકત, લકવાગ્રસ્ત તમજ મોટી વયના મતદારો માટે વ્હીલચેરની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ વ્હીલચેરની વ્યવસ્થા મતદાન કેન્દ્રો પર ખરેખર લોકઉપયોગી બની રહી હતી. વ્હીલચેરનો ઉપયોગ જરુરી હોય તેવા મતદારો મતદાન કેન્દ્ર પર પહોંચતા જ વ્હીલચેર લઈને કાર્યકર્તાઓ આવી પહોંચ્યા હતા અને મતદાન મથક સુધી લઈ જવાની સેવા આપતા હતા. જયારે કેટલાક મતદાન કેન્દ્રો પર વ્હીલચેર ન હોવાનો સૂર પણ ઉઠવા પામ્યો હતો. જેને પગલે બિમાર, અશકત વ્યકિતઓને ના છુટકે ચાલીને મતદાન મથક સુધી જવું પડયું હતું અને પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો અને યુવા વર્ગને પ્રેરણા પુરી પાડી હતી.



## સે-૨૭માં બરખાબેન જહા સાથે મહિલાઓનું મોટી સંખ્યામાં મતદાન



ગાંધીનગર, તા.૧૪

આજ રોજ તા. ૧૪-૧૨-૨૦૧૭ના લોકશાહીના પર્વમાં ચૂંટણી મતદાન થયું. તેમાં સે-૨૭માં મહિલા કોર્પોરેટર બરખાબેન જહાએ પોતાના સેકટરની મહિલાઓ સાથે જઈ મતદાન કર્યું તથા વોર્ડ નં. ૧ની મહિલાઓને મોટી સંખ્યામાં મતદાન કરવાનું આહવાહન કર્યું હતું. તેઓ દ્વારા સમગ્ર દિવસ મતદાન મથકમાં આવેલા તમામ બુથોમાં મોટી સંખ્યામાં મતદાન થાય તેવા પ્રયાસ થયા હતા તેના ફલ સ્વરૂપે મતદાન મથકમાં ૬૫ થી ૭૦ ટકા મતદાન થવા પામ્યું હતું.

## ગાંધીનગર જિલ્લાના મતદાન મથકો પર પંજાબ પોલિસ તૈનાત રહી

ગાંધીનગર જિલ્લામાં ચૂંટણી દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે સ્થાનિક પોલિસ, મહિલા પોલિસની સાથે પંજાબ પોલિસના કમાન્ડો તૈનાત કરવામાં આવ્યા હતા. દરેક બુથ પર અંદર અને બહાર પંજાબ પોલિસના જવાનો સ્થાનિક પોલિસ સાથે ખડે પગે જોવા મળ્યા હતા તેમજ મતદારોને પોતાનું વાહન મતદાર મથકથી દુર મુકવા માટે સતત સુચનો કરતા હતા. આમ વિધાનસભાની સામાન્ય ચૂંટણીમાં સ્થાનિક પોલિસની સાથે પંજાબ પોલિસની પણ કામગીરી પ્રસંશનીય રહી હતી.

## મતદારોને મતદાન મથક સુધી લાવવા મોંઘીદાટ ગાડીઓ સતત દોડતી રહી

ગાંધીનગર, તા.૧૪

શહેરમાં સવારથી જ મતદાનને પગલે શહેરમાં અનોખો માહોલ સર્જાયો હતો. મતદાન કેન્દ્રો પર મેળા જેવા દૃશ્યો જોવા મળ્યા હતા. ગાંધીનગર શહેરમાં આજે સતત મોંઘીદાટ ગાડીઓ દોડતી નજરે પડી રહી હતી. મતદારોને ઘરમાંથી મતદાનમથક સુધી લાવવા મોંઘીદાટ ગાડીઓ રાખવામાં આવી હતી જયારે ગાડીઓની સાથે રીક્ષાઓ પણ મતદારોને લેવા માટે શેરીઓ અને ગલીઓમાં દોડાદોડ કરતી હતી. ઘરે કોઈ હોય નહીં, વયોવૃધ્ધ, અશકત, બિમાર તેમજ પથારીવશ હોય તેવા નાગિરકો મતદાનથી અળગા ન રહે તે માટે તેઓને કાર્યકર્તાઓ ગાડીમાં લઈને મતદાનમથક સુધી લાવતા હતા.

## અકસ્માતમાં પગ ગુમાવ્યો છતાં એક પણ વાર મતદાન ના ચૂકયા...!!

### સે-૨૭ના પરબતસિંહ વાઘેલા દરેક ચૂંટણીમાં હાથમાં પેશાબની કોથળી સાથે મતદાન કરવા પહોંચી જાય છે

ગાંધીનગર, તા.૧૪

એક સામાન્ય નાગરિકને રાજયમાં એવી સરકાર જોઈએ છે જે તેની પાયાની સવલતો પુરી પાડે રોજગારીની તકોનું સર્જન કરે, મોંઘવારી પર નિયંત્રણ લાદે, મહિલાઓ-બાળકો સહિત તમામને સુરક્ષા પ્રદાન કરે અને સાથે રાજયમાં સદભાવના યુકત વાતાવરણ સર્જી વિકાસ કાર્યો કરે. આવી પોતાની પસંદગીની સરકાર રચવા માટે દર ચુંટણીએ મતદાતાઓ મતદાન કરી લોકશાહીને ધબકતી રાખે છે કારણ કે તેમને આશા હોય છે કે તેમના મતથી રાજયમાં સુયોગ્ય સરકારનું નિર્માણ થશે. આવી જ માત્ર 'છોટી સી' આશાના સહારે સામાન્ય નાગરિકો પોતાની પરિસ્થિતિ દયાજનક હોય છતાં પણ મત આપવા જવાનું પસંદ કરે છે. સે-૨૭માં રહેતા મતદાતા પી.આઈ. વાઘેલાએ ૭૦ વર્ષની ઉંમરે તેમની ટ્રાઈસિકલમાં હાથમાં કેથેરેટર સાથે મતદાન કર્યું હતું.

સેકટર-૨૭ના પરબતસિંહ વાઘેલા એક ખાનગી સિકયુરિટી ગાર્ડની નોકરી કરતા હતા અને વર્ષ ૨૦૦૬માં નોકરીએથી ઘરે પોતાની સાયકલ પર પરત ફરી રહ્યા હતા ત્યારે પાછળથી આવેલ એક 'ક્રેઈન વ્હિકલે' ટકકર મારતા તેમણે જમણો પગ ગુમાવવાનો વારો આવ્યો હતો એટલું જ નહી પરંતુ તે દિવસથી તેમને પેશાબ નીકળવાનો માર્ગ પણ ક્ષતિગ્રસ્ત થઈ જતા તેને 'બાયપાસ' કરી કોથળી એટલેકે કેથરેટર લગાડવું પડયું હતું. આ કેથરેટરને દર ૧૫ દિવસે બદલવું પડે છે. એક દિકરી અને બે દિકરાના પિતા એવા પરબતસિંહની નોકરી પણ આ અકસ્માત સાથે છુટી ગઈ અને ત્યારથી તેઓની જીંદગી ટ્રાઈસિકલ પર આવી ગઈ છે. આમ છતાં તેઓ હિંમત હાર્યા નથી અને શહીરને ચુસ્ત રાખવા દરરોજ ૪ કિમી જેટલી ટ્રાઈસિકલ પણ ચલાવે છે. પરબતસિંહ હંમેશા ચુકયા વગર મતદાન કરે છે અને આ અકસ્માત પછી પણ તેમણે કોર્પોરેશન, લોકસભા કે વિધાનસભા દરેક ચુંટણીઓમાં સવારે જ જઈ મતદાન કર્યું છે. પરબતસિંહ જેવા મતદારો અન્ય મતદારો જેઓ માત્ર 'આળસ'ના કારણે મતદાન કરવાનું ટાળે છે તેમને ગંભીર સંદેશો પાઠવી રહ્યા છે.



## ચિરવિદાય

- સ્વ. મોહિનીબેન ફુગુનમલ અંબવાની, ઉ.વ. ૮૨
- સ્વ. પુરબીયા નવટરભાઈ વીરાભાઈ, ઉ.વ. ૬૫
- સ્વ. બળદેવભાઈ આત્મારામ કનીજીયા, ઉ.વ. ૯૩
- સ્વ. વિક્રમજી શંભુજી ઠાકોર, ઉ.વ. ૩૨